પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૯૭, કુલ પાના:૪, તારીખ: ૧૬-૧૨-૨૦૨૦ બુધવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 97 PRICE :-RS. 1.50 DATE : 16-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### બજેટ સત્ર સામાન્ય કરતા પહેલા શરુ થઈ જાય તેવી સંભાવના

## કોરોના ઈફેક્ટ: સંસદનું શિયાળુ સત્ર રદ, જાન્યુઆરીમાં બજેટ સત્ર

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસનો કહેર આખી દુનિયા પર જોવા મળી રહ્યો છે. દેશમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા ૧ કરોડના આંકડા તરફ આગળ વધી રહી છે. આ બધાની વચ્ચે સરકારે જાહેરાત કરી દીધી છે કે કોવિડ-૧૯ના લીધે આ વર્ષે સંસદના શિયાળુ સત્રનું આયોજન કરાશે નહીં. સંસદીય કાર્યમંત્રી પ્રહલાદ જોશીએ રોજ આ અંગેની માહિતી આપી અને કહ્યું કે કેટલાંય પક્ષોના નેતાઓ સાથે ચર્ચા કર્યા બાદ સામાન્ય મંતવ્ય બન્યું હતું



કે સત્ર બોલાવું જોઈએ નહીં. તો બીજીબાજુ તાજેતરમાં જ કોંગ્રેસની તરફથી ખેડૂતોના મુદ્દા પર ચર્ચા કરવા માટે સત્રની માંગણી કરી હતી. આ સિવાય વિપક્ષના કેટલાંય અન્ય પક્ષ પણ ખેડૂતોના મુદ્દાને લઈ સત્રની માંગણી કરી રહ્યા હતા.

સંસદીય કાર્યમંત્રી પ્રહલાદ જોશી એ કહ્યું કે કોરોના વાયરસના સંક્રમણથી બચવા માટે શિયાળું સત્રના પક્ષમાં કોઈ નહોતું. ત્યારબાદ હવે સીધું જાન્યુઆરીમાં બજેટ સત્ર બોલાવામાં આવશે. આપને જણાવી દઈએ કે ગયા વર્ષે ૩૧મી જાન્યુઆરીથી બજેટ સત્ર શરૂ થયું હતું જ્યારે ૨૦૧૮માં બજેટ સત્રની શરૂઆત ૨૮ જાન્યુઆરીથી થઈ હતી.

વાત એમ છે કે જોશીએ કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીની

**સંસદીય કાર્યમંત્રી પ્રહ્લાદ જોશીએ કોંગ્રેસ નેતા અને સાંસદ અધીર રંજન ચૌધરીને પત્ર લખીને સરકારના નિર્ણય અંગે માહિતી આપી**

એક ચિઠ્ઠીનો જવાબ આપ્યો છે. જેમાં અધીર રંજન ચૌધરીની તરફથી એક સત્ર માટે માંગણી કરાઈ હતી, જેમાં મોટાપાયા પર થઈ રહેલા ખેડૂત વિરોધ પ્રદર્શનોને લઈ વિવાદાસ્પદ નવા કૃષિ કાયદા પર ચર્ચા કરવાની માંગણી કરાઈ હતી. જોશી એ જવાબ આપ્યો કે તેમણે તમામ પક્ષોના નેતાઓની સાથે વિચાર-વિમર્શ કર્યો હતો અને સર્વસહમતિથી કોવિડ-૧૯ના લીધે સત્ર ના બોલાવા પર તમામ સહમત થયા હતા.

આપને જણાવી દઈએ કે કેટલાંય ખેડૂત સંગઠન કેન્દ્ર સરકારની તરફથી લાવામાં આવેલા કૃષિ કાયદાનો વિરોધ કરી રહ્યા છે. ખેડૂતોની માંગણી છે કે કેન્દ્ર સરકાર આ નવા કૃષિ કાયદાને પાછો લઈ લે. આ કાયદાના વિરોધ પ્રદર્શનને લઈ હજારોની સંખ્યામાં ખેડૂત દિલ્હી બોર્ડર પર છેલ્લાં ૨૦ દિવસથી ડેરા તંબુ તાણીને બેઠા છે. તો બીજીબાજુ કેન્દ્ર સરકાર પાછળ હટવા રાજી નથી અને ના તો ખેડૂત પાછળ હટી રહ્યા છે. આ બધાની વચ્ચે કોંગ્રેસ સહિતના વિપક્ષી દળો કેન્દ્ર સરકારને ખેડૂત વિરોધી ગણાવી રહ્યા છે.

## ખેડા હાઈસ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેકટ લાંચ પ્રકરણમાં ICICI બેન્કના ડેપ્યુટી મેનેજરની ધરપકડ

નડિયાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રિમ પ્રોજેક્ટ અમદાવાદ- મુંબઈ હાઈસ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં જમીન સંપાદન પ્રક્રિયા લાંચ કૌભાંડમાં વધુ એક આરોપીની બેંક કર્મચારીની ધરપકડ થઈ છે. આરોપી તાલુકા સેવાસદનના કૌભાંડી આરોપીના કહેવા મુજબ કામ કરતો અને રોકડી લેતો હોવાની વિગતો જાણવા મળી છે. ખેડા એસીબી એ બેંક કર્મચારી આરોપીને નડિયાદ કોર્ટમાં રજૂ કરી ૪ દિવસના રિમાન્ડની માગણી કરી છે. અગાઉ



એસીબી એ ખેડા તાલુકા સેવા સદનમાં જમીન સંપાદન કચેરીમાં ફરજ બજાવતાં કોમ્પ્યુટર ઓપરેટર, બે નિવૃત્ત મામલતદાર સહિત ત્રણ લોકોની રૂ.૩.૫૦ લાખની લાંચ લેવાના ગુનામાં ધરપકડ કરી હતી.

જે આરોપીઓના રિમાન્ડ અને પૂછપરછ દરમિયાન આ નવા નામ ખુલતાં એક બાદ એક કળી જોડાઈ રહી છે. હજુ આ કેસમાં કેટલાક વધુ ધરપકડના પણ એંધાણ વર્તાઈ રહ્યા છે. ખેડા એસીબી દ્વારા બુલેટ ટ્રેન જમીન સંપાદન લાંચ કેસમાં આઈસીઆઈસીઆઈ બેંકના ડેપ્યુટી મેનેજરની ધરપકડ કરતા ખાનગી બેંકમાં ચાલતા ભ્રષ્ટાચારની પોલ ખુલ્લી પડી છે. અગાઉ ધરપકડ કરાયેલા આરોપીઓની સખ્ત પૂછપરછમાં આઈસીઆઈસીઆઈ બેંકના ડેપ્યુટી મેનેજર પ્રીતેશ પટેલનું નામ ખુલતાં ચકચાર મચી છે.

આરોપી ડેપ્યુટી બેંક મેનેજર તાલુકા સેવા સદનના ધરપકડ કરાયેલા આરોપી ભ્રષ્ટ કર્મચારીઓના કહેવાથી લાભાર્થી ના ખાતામાં સરકારે જમા કરેલ રકમ ઉપાડવા દેતો નહોતો. બેંકિંગ નિયમો વિરૂધ્ધ તેને આવા કેટકેટલા કામમાં તાલુકા સેવા સદનના કૌભાંડી આરોપીની મદદ કરી છે હવે ખુલ્લું થશે. વળી આ ભ્રષ્ટ કામ કરવામાં તે કેટલી રકમ દબાવી છે તે અને ક્યાં મૂકી છે પણ તપાસનો વિષય છે. જોકે ખેડા છષ્છહ્વએ આરોપીને નડિયાદ કોર્ટમાં રજૂ કરી ૪ દિવસના રિમાન્ડની માગણી કરી છે.

### ૨૪ કલાકમાં ૨૨,૦૬૫ નવા કેસ અને વધુ ૩૫૪ દર્દીનાં મોત

## કોરોનાની રફતાર ધીમી પડી, પોઝિટિવ કેસો પાંચ મહિનામાં સૌથી ઓછા




ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાની રફતાર ધીમી પડીહોવાના સંકેત મળ્યા છે. કોરોનાના નવા કેસો પાંચ મહિનાની સૌથી નીચી સપાટીએ રહ્યા હતા. દેશમાં વિતેલા ૨૪ કલાકમાં કોવિડ ૧૯ના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૩,૦૦૦ કરતા ઓછી રહી છે. જેની સામે સ્વસ્થ થયેલા દર્દીઓનો ગ્રાફ ઊંચો રહેતા રિકવરી રેટ ૯૫ ટકા થયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા મુજબ દેશમાં એક દિવસમાં કોરોનાના વધુ ૨૨,૦૬૫ દર્દીઓ નોંધાતા કુલ આંક ૯૯,૦૬,૧૬૫ થયો હતો. ૨૪ કલાકમાં વધુ ૩૫૪ દર્દીઓનાં મોત થયા હોવાથી કુલ મૃત્યુઆંક વધીને ૧,૪૩,૭૦૯ થયો હતો. કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓનો આંકડો વધીને ૯૪,૨૨,૬૩૬ રહેતા રિકવરી દર ૯૫.૧૨ ટકા નોંધાયો હતો. જ્યારે મૃત્યુ દર ૧.૪૫ ટકા હતો. કોરોનાના સક્રિય દર્દીઓની સંખ્યા સતત આઠમા દિવસે ચાર લાખ કરતા નીચે રહી હતી અને તે ૩,૩૯,૮૨૦ નોંધાઈ હતી. આઈસીએમઆરના મતે દેશમાં સોમવારે ૯,૯૩,૬૬૫ કોરોના સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં ૧૫,૫૫,૬૦,૬૫૫ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ થયું છે. વધુ ૩૫૪ દર્દીઓનાં મોત થયા છે તે પૈકી દિલ્હી તેમજ મહારાષ્ટ્રમાં ૬૦-૬૦, પશ્ચિમ બંગાળમાં ૪૩, કેરળમાં ૨૪ અને પંજાબમાં ૨૧ દર્દીઓનો સમાવેશ થાય છે.

## ઈન્ટર્ન ડૉક્ટરોને સ્ટાઈપેન્ડ આપવામાં દેશમાં ગુજરાત ૧૫મા ક્રમાંકે

ગાંધીનગર,

ગુજરાતમાં ઈન્ટર્ન ડૉક્ટરોએ ઓછામાં ઓછું ૨૦ ટકા સ્ટાઈપેન્ડ મેળવવા માટે સરકાર સામે હાલમા મોરચો માંડ્યો છે. ત્યારે દેશના અન્ય રાજ્યો કરતાં ગુજરાતના ઈન્ટર્ન ડૉકટરોને ચૂકવવામાં આવતા સ્ટાઈપેન્ડની રકમ ખૂબ જ ઓછી છે. દેશમાં ઈન્ટર્ન ડોકટરોને ચૂકવવામાં આવતાં સ્ટાઈપેન્ડમાં દેશમાં ગુજરાત ૧૫મા ક્રમાંકે છે. રાજ્યના મેડિકલ ઈન્ટર્નને મહારાષ્ટ્ર, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, દિલ્હી, તામિલનાડુ જેવા રાજ્યો કરતાં ૫૦ ટકા જેટલું ઓછું સ્ટાઈપેન્ડ સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે.

ગુજરાતમાં ખૂબ ઓછા એટલે કે ૧૨ હજાર ૮૦૦ રૂપિયા સ્ટાઈપેન્ડ ઈન્ટર્ન ડકટરોને હાલમાં ચૂકવવામાં આવે છે. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ પણ ૨૦ હજાર સ્ટાઈપેન્ડ ચુકવવા પર બે વર્ષથી દરેક સરકારને નોટિસ આપી છે, કોરોના કાળમાં ઈન્ટર્ન ડોક્ટરો જ યોદ્ધા તરીકે ખડેપગે સેવા કરી ત્યારે રાજ્ય સરકારે તાકીદે સ્ટાઈપેન્ડની રકમ પાછલી અસરથી ૨૦ હજાર રૂપિયા લેખે આપવી જોઈએ.

ગુજરાતમાં ૬ સરકારી, સોસાયટીની ૮ અને સેલ્ફ ફાઈનાન્સ ૧૫ કોલેજમાં ૫૫૦૦ બેઠકો છે, ગત માર્ચથી તબીબી શિક્ષણ કાર્ય બંધ છે ત્યારે મેડિકલ કોલેજો સહિતની સંસ્થાઓમાં વહીવટી ખર્ચ, લેબોરેટરી ખર્ચ, ઈલેક્ટ્રિસિટી ખર્ચ થયા નથી, આ સ્થિતિમાં સ્મ્મ્જી, સ્ઙ્ઘ, સ્જી સહિતના મેડિકલ-પેરામેડિકલ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને એક સત્ર ફી માફી આપવી જોઈએ.

### વડાપ્રધાને કચ્છમાં ત્રણ મહત્ત્વના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું

## દિલ્હી આસપાસ ખેડૂતોને ભ્રમિત કરવાનું ષડ્યંત્ર ચાલી રહ્યું છે: મોદી

ધોરડા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક દિવસની ગુજરાતની મુલાકાતે છે. PM મોદીએ કચ્છમાં ત્રણ મહત્વના પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યુ હતું. પીએમ મોદી કચ્છના રણમાં ઘોરડો નજીક વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કનું ભૂમિપૂજન કરવા ઉપરાંત માંડવીમાં ડિસેલિનેશન પ્લાન્ટ અને સરહદ ડેરીના પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો.



પીએમ મોદીએ પોતાના ભાષણની શરૂઆત કચ્છીમાં કરી હતી. તેમણે કહ્યું કે, કચ્છ આખા દેશની ઓળખ છે. કચ્છમાં આવીને કચ્છમાં આવીને શરીરમાં એક નવી ઊર્જાનો સંચાર થાય છે. આજે સરદાર પટેલની પુણ્યતિથિ છે અને આ અવસરે કચ્છમાં દુનિયાનો સૌથી મોટા રિન્યૂઅબલ એનર્જી પાર્કનું ભૂમિપુજન કર્યું તેને જાતા લાગે છે કે, સરદાર સાહેબનું સપનું ખુબ જ ઝડપી સાકાર થશે.

કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપને યાદ કરતા તેમણે કહ્યું કે, કચ્છમાં ભયાનક ભૂકંપ આવ્યો લોકોના ઘરો તૂટી ગયા પરંતુ કચ્છી લોકોના મનોબળને ભૂકંપ તોડી શક્યો નહી. ભૂકંપે કચ્છને સંપૂર્ણ રીતે તબાહ કરી નાંખ્યુ હતું. તેમ છતાં હવે કચ્છની પ્રવાસન ક્ષેત્રે આખી દુનિયામાં આગવી ઓળખ ઉભી થઈ ગઈ છે. વિદેશી પ્રવાસીઓ કચ્છનું સફેદ રણ જોવા આવે છે. કચ્છનું રણ અને રણોત્સવ જોવા માટે લાખો પ્રવાસીઓ આવે છે. સાથે જ કચ્છના લોકોએ આખા દેશના લોકોને આત્મનિર્ભર રહેવાનું શીખવ્યું છે. તેમણે કહ્યું કે, એક સમયે કચ્છ એકલો-અટૂલો પ્રદેશ હતો અને હવે તે પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. કચ્છનો વિકાસ સ્કોલરો માટે અભ્યાસનો વિષય છે.

આ પ્રસંગે તેમણે ૧૧૮ વર્ષ જૂનો એક કિસ્સો યાદ કર્યો હતો. તેમણે કહ્યું કે, તે સમયે કચ્છમાં એક્ઝિબિશનમાં સૂર્ય તાપયંત્ર મૂકવામાં આવ્યું હતું. પરંતુ અત્યારે હાઈબ્રિડ એનર્જી પ્રોજેક્ટનું ભૂમિ

(અનુ.પાના.નં.૨)

### ૧૫ દિવસમાં કુલ ૧૦૦ રૂ.નો વધારો થયો

## સબસિડીવાળા રાંધણગેસમાં ફરી રૂ.૫૦નો ભાવ વધારો ઝીંકાયો



ન્યુ દિલ્હી,

ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો થતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ છે. એક બાજુ કોરોનાનો કહેર છે તો બીજી બાજુ જ્યાં જુઓ ત્યાં મોંઘવારીએ માઝા મુકી છે. પહેલા રોજબરોજની વપરાશમાં આવતા ડુંગળી બટેટા મોંઘા થયા ત્યારબાદ ખાદ્યતેલ મોંઘુ થયુ અને હવે ફરી એકવાર ગેસના ભાવ વધ્યા છે. ૧૫ દિવસમાં ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયા વધારો થયો છે.

ઓઈલ કંપનીઓએ એલપીજીના ભાવમાં વધારો કર્યો છે. ૧૪.૨ કિલો સિલિન્ડરના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ જ રીતે ૫ કિલોના શોર્ટ સિલિન્ડરના ભાવમાં ૧૮ રૂપિયા વધારો કરવામાં આવ્યો છે. ૧૯ કિલોનું સિલિન્ડર ૩૬.૫૦ રૂપિયા વધાર્યું છે.

દેશની સૌથી મોટી ઓઈલ કંપની આઈઓસીના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં સબસિડી વિના ૧૪.૨ કિલો ગેસ સિલિન્ડરની કિંમત હવે ૬૪૪ રૂપિયા પર આવી ગઈ છે. તે કોલકાતામાં ૬૭૦.૫૦ રૂપિયા, મુંબઈમાં ૬૪૪ રૂપિયા અને ચેન્નઈમાં ૬૬૦ રૂપિયા થઈ ગઈ છે.

અગાઉ દિલ્હીમાં સબસિડી વિના ૧૪.૨ કિલો ગેસ સિલિન્ડરની કિંમત ૫૯૪ રૂપિયા હતી. તે કોલકાતામાં ૬૨૦.૫૦ રૂપિયા, મુંબઈમાં ૫૯૪ રૂપિયા અને ચેન્નઈમાં ૬૧૦ રૂપિયા હતા. આ જ રીતે ૧૯ કિલો સિલિન્ડરનો ભાવ દિલ્હીમાં ૧૨૯૬ રૂપિયા, કોલકાતામાં ૧૩૫૧.૫૦ રૂપિયા, મુંબઈમાં રૂ.૧૨૪૪ અને ચેન્નઈમાં ૧૪૧૦.૫૦ રૂપિયા થયો છે.

આ પહેલા ૧ જાન્યુઆરીએ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સબસિડી વગરના એલપીજી રાંધણ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કરવાની જાહેરાત કરી હતી. ૧૪.૨ કિગ્રાવાળા સબસિડીવગરના એલપીજી ગેસ સિલિન્ડરના ભાવ દિલ્હીમાં ૧૧.૫૦ રૂપિયા વધાર્યો હતો. આમ ૧૫ દિવસમાં ગેસના ભાવમાં આ રીતે વધારો થતા સામાન્ય માણસને પારાવાર મુશ્કેલી આવી રહી છે.

### સરકાર ખેડૂતો માટે કશું કરવા તૈયાર નથી

## મોદી માટે ખેડૂતો ખાલિસ્તાની, શ્રીમંતો દોસ્ત: રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આકરી ટીકા કરતાં એવો આક્ષેપ કર્યો હતો કે મોદીને ખેડૂતો ખાલિસ્તાની આતંકવાદી જેવા લાગતા હતા અને શ્રીમંત ઉદ્યોગપતિઓ દોસ્ત જેવા લાગતા હતા.

(અનુ.પાના.નં.૨)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એ. એસ. શાહ
મુ. વડાતલાવ,
તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એચ. એ. સોલંકી
મુ. વરસડા,
તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી નાકટી દૂધ ઉત્પાદક સહકારી મં.
મુ. ચોરાબારીયા,
તા. ઘાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી પુવાળા દૂધ ઉત્પાદક સહકારી મં.
મુ. ઘાનપુર રોડ,
તા. દે.બારીઆ

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## સંતરામપુરમાં રાજસ્થાન તરફથી આવતી ફોર વ્હીલમાંથી ૪.૭૦ લાખનો દારૂ ઝડપ્યો

### પીકઅપ સવાર ઈસમોએ અંધારાનો લાભ લઈ પોલીસ ઉપર પથ્થર મારો કર્યો

સંતરામપુર, સંતરામપુર પોલીસ પ્રતાપપુરા સર્કલ તરફના ભાગે પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન રાજસ્થાન તરફથી પુરઝડપે શંકાસ્પદ રીતે પસાર થતી પીકઅપ વ્હીકલને પોલીસે રોકવાનો પ્રયાસ કર્યો હતો. પીકઅપ ચાલક રાજસ્થાન તરફ ભાગવા લાગ્યો હતો. પોલીસે પીછો કરતાં ઈસમો અંધારામાં વાહન માંથી ઉતરીને પોલીસ ઉપર પથ્થર મારો કર્યો હતો. પોલીસ પીકઅપ વાનમાંથી ૪.૭૦ લાખનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડયો.

પ્રાપ્ત વિગતો પ્રમાણ સંતરામપુર પોલીસ પ્રતાપપુરા વિસ્તારમાં રાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન રાજસ્થાન તરફથી પીકઅપ વ્હીલક પુરઝડપે શંકાસ્પદ રીતે પસાર થતું હોય જેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે પીકઅપ વ્હીલકના ચાલકે પોતાનું વાહન રાજસ્થાન તરફ ભગાડવા માડયું હતું. પોલીસે પીકઅપ વ્હીકલનો પીછો કર્યો હતો. જેન લઈ પીકઅપમાં સવાર ઈસ્મો અંધારાનો લાભ લઈ ઝાડીઓમાં સંતાઈ ગયા હતા અને પોલીસ ઉપર પથ્થર મારો કરતાં પોલીસના વાહનને નુકશાન થવા પામ્યું હતું. પોલીસ ઉપર હુમલો કર્યાની જાણ પોલીસ મથકે કરવામાં આવતા પોલીસ સ્ટેશનમાં પી.આઈ. સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પીકઅપ વ્હીકલનું ચેકીંગ કરતાં તેમાં ભરીને લઈ જવાતો ૪.૭૦ લાખ રૂપીયાનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે સંતરામપુર પોલીસ મથકે ત્રણ અજાણ્યા બુટલેગરો વિરૂદ્ધ પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

## સંતરામપુર મોટી કયાર ગામના ૫૦ વ્યક્તિ કોંગ્રેસ છોડી BJPમાં જોડાયા



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાના મોટીકયાર ગામે ૫૦ વ્યકિત કોંગ્રેસમાંથી છેડો ફાડીને બીજેપીમાં જોડાયા. સંતરામપુર તાલુકાના મોટીકયાર વર્ષોથી કોંગ્રેસનો ગઢ ગણાતું આજે સંતરામપુર ધારાસભ્ય હસ્તે મોટી તમામ વ્યકિતઓને બીજેપીનો ખેસ પહેરાવીને ભારતીય જનતા પાર્ટીમાં સમાવેશ કર્યો હતો અને સંતરામપુર ધારાસભ્ય કુબેર ડીંડોરે ફૂલહાર પહેરાવીને સન્માન કરવામાં આવેલ હતું. આજે સંતરામપુર તાલુકાના મોટીકયાર ગ્રામજનો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. આ ગામમાં વર્ષોથી વિકાસથી વંચિત રહેતો હતો પરંતુ સંતરામપુરના ધારાસભ્ય સંપૂર્ણ આ ગામની અંદર સુવિધા પૂરી પાડવાની પણ બાંહેધરી આપેલી છે. આ કાર્યક્રમમાં સંતરામપુરના ધારાસભ્ય કુબેરભાઈ ડીડોર, મહિસાગર જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દશરથ બારીયા, છગનભાઈ માલ, બળવંત પટેલિયા તમામ ઉપસ્થિત રહ્યા હતા. સંતરામપુર તાલુકામાં કોંગ્રેસને અને જિલ્લા પંચાયત માટે સૌથી મોટો ફટકો પડયો છે.

## વિરપુરના બોર પ્રા.શાળાનો શૈક્ષણિક નવતર પ્રયોગ “ઘર આંગણે શાળા”



બોર, હાલ કોવિડ-૧૯ મહામારી અંતર્ગત શાળાઓ બંધ છે પરંતુ શિક્ષણ નહી શાળા-શિક્ષણ વિભાગ દ્વારા બાળકો ઘરે બેઠા ભણી શકે તે માટે ટી.વી., મોબાઈલ, યુટયુબ, ઓનલાન કલાસ વિવિધ માદયમો દ્વારા અભ્યાસ કરી રહ્યા છે. ત્યારે ઈત્તર વાંચન પણ બાળકો વાંચે અને વાંચન કૌશલ્યનો વધુ વિકાસ થાય તે હેતુથી શાળા લાયબ્રેરીના પુસ્તકો બાળકોના ઘરે સુધી વાંચવા આપવા શાળાના આચાર્ય દ્વારા “ ઘર આંગણે શાળા ” નવતર પ્રયોગ અમલમાં મુકેલ છે. જેમાં સોશ્યલ ડિસ્ટન્સ રાખી બાળકો સુધી પુસ્તકો પુરા પાડવામાં આવે છે. જે પ્રયોગ ગામ લોકોને પણ ખૂબ જ ગમ્યો છે અને શાળા પરિવારના વખાણ કરે છે અને ગ્રામજનોએ પરમાર જગદીશકુમારનો આભાર માન્યો હતો.

## કડાણા તાલુકાના લાયઝન અધિકારીની અધ્યક્ષતામાં કોવિડ-૧૯ વેક્સિનેશન અંગે બેઠક યોજાઈ



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, કોવિડ-૧૯ રસી ઉપલબ્ધ થવા સાથે શક્ય તેટલી વહેલી તકે અસરકારક રીતે રસીકરણની પ્રક્રિયા શરૂ કરવા માટે સરકાર દ્વારા પૂર્વ તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. તે અનુસંધાને જિલ્લા કલેકટર આર.બી બારડના સીધા માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાની તાલુકા હેલ્થ કચેરી ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને લાયઝન અધિકારી એસ.કે પટેલના અધ્યક્ષસ્થાને કોવિડ-૧૯ વેક્સિનેશન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કોવિડ-૧૯ની રસી તૈયાર થવાના અંતિમ તબક્કામાં છે. ત્યારે રસી ઉપલબ્ધ થયે જિલ્લામાં તેના સંગ્રહ, પરિવહન અને વિતરણની વ્યવસ્થાઓ-સંસાધનોની પૂર્વ તૈયારીઓ અંગે જિલ્લા સમાહર્તાએ આપેલ સુચના અનુસાર કડાણા તાલુકામાં વિગતવાર માહિતી મેળવી જરૂરી ચર્ચા વિચારણા કરી હતી. પ્રથમ તબક્કામાં હેલ્થકેર પ્રોવાઈડર્સને રસી આપવાની છે ત્યારે માર્ગદર્શિકા અનુસાર કડાણા તાલુકામાં કાર્યરત તમામ સરકારી-ખાનગી સ્વાસ્થ્યકર્મીઓના ડેટા એકત્રીકરણની કામગીરી વિશે તેમણે સૂક્ષ્મ વિગતો મેળવી એક પણ સ્વાસ્થ્યકર્મી રહી ન જાય તે સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને કલેકટરએ નિર્દેશાનુસાર કામગીરી કરવા જણાવ્યું હતું.

## પંચમહાલ જિલ્લામાં સમાજ સેવા અને રાષ્ટ્ર નિર્માણક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર યુવાઓને યુથ એવોર્ડની તક

ગોધરા, રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા યુવાઓને પ્રોત્સાહન માટે ગુજરાત રાજ્ય યુથ એવોર્ડ આપવાની શરૂઆત કરવામાં આવી છે. પંચમહાલ જીલ્લાના અને ગુજરાતનાં મુળ વતની હોય તેવા યુવાઓએ કે જેમણે ઓછામાં ઓછા પાંચ વર્ષ સમાજ સેવા અને રાષ્ટ્ર નિર્માણક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરેલ હોય તેઓ ગુજરાત રાજ્ય યુથ એવોર્ડ માટે અરજી કરી શકે છે. સ્વચ્છ ભારત અભિયાન, જળ બચાવો અભિયાન, પ્રદૂષણ નિયંત્રણ, વૃક્ષારોપણ, બાળ પોષણ અભિયાન, રાજ્ય તેમજ સમાજ સેવા અંગેના બીજા ફલેગશીપ કાર્યક્રમોમાં બિરદાવી શકાય તેવી કામગીરી બદલ ૧૫ થી ૨૯ વર્ષના યુવાનો ગુજરાત રાજ્ય યુથ એવોર્ડ માટે અરજી કરી શકે છે. આ માટે અરજદારે પોતાના બાયોડેટા સાથે ઉત્કૃષ્ઠ કામગીરી અંગેના પુરાવા તથા તે અંગેનાં ફોટોગ્રાફ તારીખ ૧૯/૧૨/૨૦૨૦ના રોજ બપોરના ૧૪:૦૦ કલાક સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી પંચમહાલ ગોધરા ખાતે કચેરી સમય દરમ્યાન રૂબરૂ અરજી આપવાની રહેશે. વધુ માહિતી માટે જીલ્લા રમતગમત અધિકારીની કચેરી, જીલ્લા સેવા સદન ભાગ-૨, પ્રથમ માળ, ગોધરા કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે તેમ આ અખબારી યાદીમાં જણાવાયું છે.

## મહીસાગરમાં આજે ૦૬ પોઝિટિવ કેસ : કોરોનાના કુલ ૧૮૪૧ પોઝીટીવ કેસ નોંધાયા





લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૩ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૫-૧૨-૨૦૨૦ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૮૪૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાસમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૭૩૪ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૯૮૫૮૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૩૧ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૬ દર્દી હોમ આઈસોલેશન, ૦૨ દર્દી લુણાવાડા (CCC), ૦૩ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૧૧ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૫૯ દર્દીઓ સ્ટેબલ, ૦૫ દર્દીઓ ઓક્સિજન પર છે.

## મહીસાગરનું સખી વન સ્ટોપ સેન્ટમરે માનસિક અસ્વસ્થ વૃધ્ધાને પરિવાર સાથે મિલન કરાવ્યું





તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં વન સ્ટોપ સેન્ટર - સખી યોજના અમલમાં મૂકવામાં આવી છે. સખી વન સ્ટોપ સેન્ટરમાં મહિલાઓ સાથે કોઈપણ હિંસાના કિસ્સામાં તબીબી, કાયદાકીય, મનોવૈજ્ઞાનિક પરામર્શ જેવી વિવિધ સેવાઓ આ સેન્ટર પરથી મળી રહે છે. હિંસાથી પીડિત મહિલાઓની તમામ સમસ્યાઓના સમાધાન માટે એક માત્ર સ્થળ હોય તો સખી વન સ્ટોસપ સેન્ટર છે. જયાં મહિલાઓને આપાતકાલીન સેવા, કાયદાકીય સહાય, પોલીસ સહાય, તબીબી સહાય, સામાજિક સમસ્યાઓમાં પરામર્શ-માર્ગદર્શન, હંગામી ધોરણે આશ્રમ જેવી સહાય કરવામાં આવે છે.

કોરોના વાયરસની મહામારીના સમય ગાળામાં કોટેજ હોસ્પિટલના પ્રતિક્ષા ગૃહમાંથી માનસિક અસ્વસ્થ મહિલા સખી વન સ્ટોપ સેન્ટરને મળી આવેલ હતી. આ વૃધ્ધ મહીલાને સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા પ્રેમ, હૂંફ અને લાગણીભર્યા વાતાવરણનું નિર્માણ કરી તેણીને જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ સવાર-સાંજ ચા-નાસ્તો અને જમવાનું આપવાની સાથે મેડીકલ સારવાર કાઉન્સેલીંગ કરી તેઓના સગા વહાલા સંપર્ક કરી તેમના વાલી-વારસોને સખી વન સ્ટોપ સેન્ટર મહીસાગર દ્વારા આ વૃધ્ધ મહિલાનું પનઃસ્થાપન કરાતાં તેમના પરિવારએ સખી વન સ્ટોપ સેન્ટર મહીસાગર નો સહદય આભાર વ્યકત કર્યો હતો.

આમ, માનસિક અસ્વસ્થટ્તાના કારણે પરિવારથી વિખૂટી પડી ગયેલ મહિલાની માટે સાચા અર્થમાં સખી વન સ્ટોપ સેન્ટર સખી બની ગયું હતું.

## મહીસાગર જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતીની બેઠક યોજાઈ



લુણાવાડા, મહીસાગર જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક જિલ્લા પુરવઠા અધિકારી આર.બી.અસારીની અધ્યક્ષતામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાઇ હતી. બેઠકમાં વ્યાજબી ભાવની દુકાનો સ્થળફેર કરવા અંગે આવેલ અરજીઓની સમીક્ષા, ડિસેમ્બર અંતિત રેશન કાર્ડની વિગતો અને જિલ્લામાં નવેમ્બર-૨૦૨૦ માસમાં રેગ્યુલર તથા પી.એમ.જી.કે.એ. વાય વિતરણ અંગેની વિતરણ વ્યવસ્થા અંગે ચર્ચા-સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી અસારીએ જણાવ્યું હતું કે, નવેમ્બર માસમાં ઓનલાઈન અને ઓફલાઈન મળી ૯૬.૫૦ ટકા જથ્થો વિતરણ કરવામાં આવ્યો છે. તેમણે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩ અંતર્ગત આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાના પ્રમાણ વિશે માહિતી આપી હતી.

બેઠકમાં લુણાવાડા નગરપાલિકા પ્રમુખ બ્રિન્દાબેન શુકલ, બાલાસિનોર નગરપાલિકાના પ્રમુખ ભુપેન્દ્રભાઈ ચૌહાણ, રાજેશભાઈ દોશી, મુળજીભાઈ રાણા સહિત સમિતીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગરમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત શાળા બહારના બાળકોના સર્વેમાં સહભાગી

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ૬ થી ૧૮ વર્ષની વય જૂથના શિક્ષણથી વંચિત રહી ગયેલ ( ધો -૧ થી ધો .૧૨ સુધીનું કદી શિક્ષણ મેળવેલ નથી તેવા અને ધો.૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કર્યા વગર અધવચ્ચે થી શાળા છોડી દીધેલ છે તેવા ) દિવ્યાંગ સહિતના તમામ બાળકોનો સર્વે મહીસાગર જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ મારફત તાઃ- ૧૫.૧૨.૨૦૨૦ થી તા ૩૧.૧૨.૨૦૨૦ સુધી થનાર હોય, સર્વે જાહેર જનતાને આ સર્વેમાં સહભાગી થઈ આવા બાળકો આપને મળી આવે તો નજીકની પ્રાથમિક શાળા ના આચાર્યનો સંપર્ક સાધવા જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મહીસાગરની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૬-૧૨-૨૦૨૦, બુધવાર, નિજ માગશર સુદ-૨, સૂર્યોદય-૭-૨૦, સૂર્યાસ્ત-૬-૦૪, જૈન નવકારશી-૮-૦૮, આજની રાશિ: મકર (ખ.જ.), નક્ષત્રઃ પૂર્વાષાઢા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૭-૨૧થી લાભ-અમૃત-૧૦-૦૨ સુધી, ૧૧-૨૨થી શુભ-૧૨-૪૩ સુધી, ૧૫-૨૪થી ચલ-લાભ-૧૮-૦૫ સુધી, ૧૯-૪૪થી શુભ-અમૃત-ચલ-૨૪-૪૩ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૨૧થી ૯-૦૮ સુધી, ૧૦-૦૨થી ૧૦-૫૫ સુધી, ૧૨-૪૩થી ૧૫-૨૪ સુધી, ૧૬-૧૭થી ૧૭-૧૧ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૬.૧૨.૨૦૨૦ બુધવાર

મેષ(અ.લ.ઈ.):-ભાઈ-બહેનો સાથે મિલ્કત મુલાકાત થાય માનસિક ઉત્સાહ વધે નોકરીમાં પરિવર્તનની શકયતા.

વૃષભ(બ.વ.ઉ.):-કાર્યક્ષેત્રે વધવાનું -સામાજીક પ્રતિષ્ઠા વધે હરીફોની લાભ પાર્ટીનું આયોજન થાય કર્જમાં રાહત.

મિથુન(ક.છ.ઘ.):-કાર્યભાર રહેવાનો અધિકારી, વર્ગ સાથે મહત્વની ચર્ચા-વિચારણા થાય ખર્ચ ઉપર કાબુ રાખવો પ્રવાસ થાય.

કર્ક(ડ.હ.):-મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા રહેવાની છતાં નિર્ણયો બાબત અવઢવમાં રહેશો વિદેશથી આર્થિક લાભ.

સિંહ(મ.ટ.):-લેખન કાર્યમાં સફળતા મલવાની મહત્વના કાર્યમાં કોઈની મદદ મલે. નોકરીમાં પરિવર્તન ન કરવું.

કન્યા(પ.ઠ.ણ.):-જુના સંબંધો વધુ ગાઢ બને નોકરીમાં લાભ પ્રમોશનના ચાન્સ વિજાતીય વ્યકિતનો સહકાર રહે.

તુલા(ર.ત.):-તુલા- આર્થિક પ્રશ્નો હલ કરવામાં કોઈ મિત્રનો સહકાર મલે. નકારા ખર્ચાઓ ઉપર કાબુ રાખવો.

વૃશ્ચિક(ન.ય.):-મનોવૃત્તિ ઉપર કાબુ રાખજો બીજાને મદદ કરવાની ભાવના કેળવજો. વિદેશથી લાભ મલવાનો.

ધન(ભ.ધ.ફ.ઢ.):-લાંબા ગાળાની ઈચ્છા ફળવાની છે. નવી તા મલવાની સામાજીક કાર્યોમાં સફળતા રહેશે.

મકર(ખ.જ.):-સાંજે પછીનો સમય વધુ અનુકુળતા સુચવે છે. નોકરીમાં ઉપરા વર્ગનો સાથ સહકાર મલવાનો.

કુંભ(ગ.શ.સ.):-હોદ્દાને લઈને લોકો તમનો આવકાર આવશે. આધ્યાત્મિક બાબતોમાં વધુ રસ રહેવાનો છે.

મીન(દ.ચ.ઝ.):-મિલકતના પ્રશ્નોને લઈને ટેન્સન રહે. મહત્વના નિર્ણયો બાબત સાવધાની રાખવી જરૂરી રહે.

(પાન નં.૧ નું ચાલુ)

### દિલ્હી આસપાસ ખેડૂતોને....

પૂજન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, આ એનર્જી પાર્કથી ૧ લાખ લોકોને રોજગારી મળશે અને ૧.૫ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થશે. તેમણએ જણાવ્યું કે, હાઈબ્રીડ પ્રોજેકટથી સરહદની સુરક્ષામાં વધારો થશે કેમકે ૧ એનર્જી પાર્ક ૯ કરોડ વૃક્ષો ઉગાડવા બરાબર છે.

વડાપ્રધાન મોદીએ કચ્છમાં ખેડૂતોના એક ગ્રુપ સાથે મુલાકાત કરી હતી. PM મોદીએ છેલ્લા ૨૦ દિવસથી નવી દિલ્હીમાં કેન્દ્ર સરકારના ત્રણ નવા કૃષિ બિલ વિરૂદ્ધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતોની પણ વાત કહી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યુ કે, ખેડૂતોને ભ્રમિત કરવાનું મોટુ ષડયંત્ર ચાલી રહ્યુ છે. સરકાર ૨૪ કલાક ખેડૂતોના હિત માટે જ વિચારે છે.

વડાપ્રધાન મોદીએ કહ્યુ કે, “હું પોતાના ખેડૂત ભાઈઓને કહી રહ્યો છું કે તેમની તમામ વાત સાંભળવા માટે સરકાર ૨૪ કલાક તૈયાર છે, ખેડૂતોનું હિત પહેલા દિવસથી અમારી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતામાંથી એક રહ્યુ છે. ખેડૂતોનો ખર્ચ ઓછો થાય, નવા નવા વિકલ્પ મળે, તેમની આવક વધે, ખેડૂતોની મુશ્કેલી ઓછી થાય, તેની માટે અમે નિરંતર કામ કર્યુ, અમારી સરકારની નિયત અમારી સરકારનો પ્રયાસ હતો જેને આખા દેશના દરેક ખુણાના ખેડૂતોએ આશીર્વાદ આપ્યા. ખેડૂતોના આશીર્વાદની આ તાકાત જે ભ્રમ ફેલાવનારા લોકો છે, જે ખેડૂતોના ખભા પર બંદૂકો ફોડી રહ્યા છે, દેશના તમામ જાગૃત ખેડૂત તેમણે પરાસ્ત કરીને જ રહેશે.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં કહ્યુ કે દિલ્હીની આસપાસ આજકાલ ખેડૂતોને ડરાવવાનું ષડયંત્ર ચાલી રહ્યુ છે. શું જો કોઈ તમારી પાસે દૂધ લેવાનો કોન્ટ્રાક્ટ કરે છે તો શું ભેસ લઈને જતો રહે છે? જેવી આઝાદી પશુપાલકોને મળી રહી છે, તેવી જ આઝાદી અમે ખેડૂતોને આપી રહ્યા છીએ. કેટલાક વર્ષથી ખેડૂત સંગઠન તેની માંગ કરતા હતા, વિપક્ષ આજે ખેડૂતોને ગુમરાહ કરી રહ્યુ છે.

### મોદી માટે ખેડૂતો ખાલિસ્તાની....

કેન્દ્ર સરકાર પોતાના ઉદ્યોગપતિ દોસ્તોને સાચવવા ખેડૂતોની સરિયામ ઉપેક્ષઆ કરી રહી હતી એમ પણ રાહુલ ગાંધીએ કહ્યું હતું. તેમણે કહ્યું કે સમાજનો જે કોઈ વર્ગ પોતાના હિત માટે આંદોલન કરે એને સરકાર દેશદ્રોહી અને ખાલિસ્તાની ગણાવી દે છે. સરકારને ખેડૂતોનં હિતની જરાય પરવા નથી. રાહુલે ટ્વીટર પર કહ્યું હતું દેખાવો કરનારા વિદ્યાર્થીઓ પણ સરકારને દેશદ્રોહી લાગ્યા હતા. હવે ખેડૂતોને પણ ખાલિસ્તાની અને આતંકવાદી ગણાવીને સરકાર તેમના અવાજને દબાવી દેવાના પ્રયાસો કરી રહી હતી. અમે આવું નહીં થવા દઈએ. ખેડૂતોનું હિત અમારે હૈયે વસેલું છે.

રાહુલે વધુમાં લખ્યું હતું કે કોરોના કાળમાં સરકારે વીસ લાખ રૂપિયાનું જે પેકેજ આપવાની વાત કરી હતી એનો પણ યોગ્ય અમલ થયો નથી.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
**પંચમહાલ સમાચાર**

# સ્માર્ટ સીટી દાહોદનું બસ સ્ટેશનમાં પ્રાથમિક સુવિધાના અભાવે હાલાકી

દાહોદ,
સ્માર્ટ સીટીનું દાહોદ શહેરનું સ્માર્ટ બસ સ્ટેશન સબળ નેતાગીરીના અભાવે તેમજ એસટી વિભાગની નિષ્કળજીના લીધે પ્રાથમિક સુવિધાઓ માટે ઝઝુમી રહ્યો રહ્યો છે. જેના લીધે છ વર્ષ પૂર્વે કરોડો રૂપિયાના ખર્ચે બનેલા નવીન બસ સ્ટેશનમાં હાલ નર્કાગાર જેવી પરિસ્થિતિનું નિર્માણ થતાં એસટી મારફતે અવરજવર કરતા હજારો મુસાફરોને ભારે હાલાકી ભોગવવા મજબુર બન્યા છે. દાહોદના આ બસ સ્ટેશનમાં કોરોના વૈશ્વિક મહામારીના સમયમાં પણ અસહ્ય ગંદકી, પાણીનો ઉભરાટ, ગટરના ગંદા પાણી હરહંમેશની માફક અને હવે તો જાણે બારે માસ જોવા મળી રહ્યા છે.જેના લીધે આવનારા સમયમાં બસ સ્ટેશનના આસપાસના વિસ્તારોમાં ભયંકર રોગચાળો ફાટી નીકળવાની ભીતી સેવાઈ રહી છે. આખા વર્ષ દરમિયાન સતત ટ્રાફિકથી ધમધમતા તેમજ એસટી વિભાગના કમાઉ દીકરા ગણાતા દાહોદ બસ સ્ટેશનમાં હાલત બદ થી બદતર થઇ રહ્યા છે.સ્થાનિક આગેવાનો તેમજ વહીવટી તંત્ર દ્વારા બસ સ્ટેશનને નર્કાગાર પરિસ્થિતિ બહાર કાઢી સ્વચ્છ અને રળીયામળું બનાવે તેવી પ્રવર્તમાન સંજોગોમાં લાગણી તેમજ માંગણી ઉઠવા પામી છે.

## એસ.ટી વિભાગની નિષ્કાળજી તેમજ સબળ નેતાગીરીના આભાવે છ વર્ષ પૂર્વે કરોડોના ખર્ચે બનેલા નવીન બસ મથકની હાલત બદથી બદતર થયાં

દાહોદ જિલ્લા બન્યા બાદ બદલાતા સમયના વહેણમાં રાજ્ય સરકાર દ્વારા જુના બસ સ્ટેશનને તોડી કરોડો રૂપિયાના ખર્ચે નવું બસ સ્ટેશન બનાવવામાં આવ્યું હતું. પરંતુ વર્કશોપ તેમજ ડીઝલ પંપ સહીતના વિસ્તારને ક્યાપલ્ટ કરવામાં કોઈક કારણોસર બાકી રાખી દેવામાં આવ્યું હતું. જોકે છ વર્ષના ટૂંકાગાળામાં બસ સ્ટેશન તેમજ વર્કશોપમાં ગટરના પાણી અસહય ગંદકીના કારણે બસ સ્ટેશનમાં નર્કાગાર જેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામેલ છે. બસ મારફતે રોજ બરોજ અપડાઉન કરતા નોકરિયાતો, વેપારીઓ મજુર વર્ગ તેમજ મુસાફરો ગંદા પાણીના ખાબોચિયામાંથી પસાર થવા માટે મજબુર બન્યા છે. કેટલાક મુસાફરો તેમજ પ્રવાસીઓ દ્વારા રજૂઆત કર્યા બાદ પરિણામ શૂન્ય જોવા મળી રહ્યું છે.

## સ્માર્ટ સીટીના બસ મથકમાં ગટરના પાણી બસ સ્ટેશનમાં ઘુસ્યા : સુલભ શૌચાલય જેવી સુવિધા બાદ પણ જાહેરમાં લઘુશંકા કરતા પ્રવાસીઓ તેમજ મજુર વર્ગ

વડા પ્રધાન મોદીએ સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત જાહેરમાં શૌચક્રિયા બંધ કરવા માટે સુલભ શૌચાલય જેવી વ્યવસ્થા ઉભી કરવા કરોડો રૂપિયાની લ્હાણી કરી છે. તેમજ દાહોદ બસ સ્ટેશનમાં પણ સુલભ શૌચાલયની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પણ દાહોદ બસ સ્ટેશનમાં ગટરના પાણી તેમજ જમીનમાંથી ફટતા ગંદા પાણી બારેમાસ વર્કશોપ સહીતના આસપાસના વિસ્તારોમાં ફરી ખાબોચિયાનું સ્વરૂપ ધારણ કરી લીધા છે. સફાઈ કર્મીઓના અનિયમિતતાના લીધે વર્કશોપ સહિતના આસપાસના વિસ્તારમાં ઠેર-ઠેર ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે.ત્યારે બહાર ગામથી આવતા મજુર વર્ગ તેમજ મુસાફરો આવી ગંદકીના ઢગલા જોઈ ખુલ્લામાં શૌચક્રિયા કરી રહ્યા છે. જોકે આ બાબતે શૌચાલય અંગેની જનજાગૃતિના અભાવે તેમજ સુલભ સૌચાલય સંચાલકોની મનમાનીના કારણે લોકો ખુલ્લામાં શૌચક્રિયા કરી રહ્યા હોવાનું મનાઈ રહ્યું છે.

## કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં દાહોદના ૮૦ રૂટોમાંથી ૧૩ રૂટો છેલ્લા ૯ માસથી બંધ

કોરોના વૈશ્વિક મહામારીથી ઝઝુમતા સમગ્ર દેશમાં સામાન્ય લોકોને આમેય ભારે હાલાકીનો સામાન્ય કરવો પડી રહ્યો છે અને તેમાંય સામાન્ય લોકોની જીવાદોરી સમાન રેલ્વેની મોટાભાગની ટ્રેનો શરૂ કરવામાં આવી નથી. ત્યારે સામાન્ય લોકોને બસમાં મુસાફરી કરવાની ફરજ પડી રહી હાલ છે. આવા સમયે રેલ્વેની લોકલ ટ્રેનો પણ વહેલી તકે શરૂ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે. બીજી તરફ દાહોદ જિલ્લાના મુસાફરોનો ઘસારો બસ સ્ટેશનમાં ભારે જોવા મળતો હોય છે. દાહોદ બસ ડેપોની વાત કરીએ તો સરહદોને જોડતી બસ હાલ રાબેતા મુજબ ચાલુ ન થતાં સરહદી વિસ્તારના લોકોને પણ અવર જવરમાં ભારે મુશ્કેલી ઉભી થઈ રહી છે. દાહોદથી અલીરાજપુર, ઝાબુઆ, પાડા, રાણાપુર, ઈન્દૌર, અમદાવાદ - દાહોદ (એસી) જેવી મુખ્ય બસોના રૂટો હાલ બંધ છે અને તેમાંય દાહોદ જિલ્લાના વિદ્યાર્થીઓને ફાળવવામાં આવેલ બસોના રૂટો પણ બંધ છે. ત્યારે વિદ્યાર્થી આલમમાં પણ ભારે નિરાશા સાથે અવર જવરમાં મુશ્કેલી ઉભી થઈ રહી છે.

# દાહોદ તાલુકામાં પ્રતિનિયુકિત થયેલા BRC નિયુકિત રદ્દ કરી શાળા ભેગા કરવાનો હુકમ

દાહોદ,
દાહોદ તાલુકાના બીઆરસી તરીકે પ્રતિનિયુકિત થયેલા મુળ શિક્ષક સામે ફરિયાદો તેમના તાબા હેઠળના કર્મચારીઓએ રાજયકક્ષા સુધી કરી હતી. જેથી તેનો રેલો જિલ્લાકક્ષા સુધી આવતા બીઆરસીની પ્રતિનિયુકિત રદ્દ કરી ફરી તેમને નિશાળ ભેગા કરી દેવાનો હુકમ કરી દેવાતા ચર્ચાનો વિષય બન્યો છે.

દાહોદ તાલુકાના બીઆરસી તરીકે પ્રા.શિક્ષક ગિરીશભાઈ એમ.લબાનાની પ્રતિનિયુકિત કરવામાં આવી હતી. તેઓએ આ કામગીરી કરતા તેમના તાબા હેઠળના સીઆરસી અને તેમને સુપરત કરેલી પ્રા.શાળામાં જઈને શિક્ષણ સુધારણાની કામગીરી કરવાની હોય છે. તેવા કર્મચારીઓ સાથે ગેરવર્તન કરતા હોવાની ગંભીર ફરિયાદો ઉભી થઇ હતી. જેથી સીઆરસી કો-ઓર્ડિનેટરોએ રાજયકક્ષા તેમજ કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને પ્રા.શિક્ષણાકિારીને રજુઆતો કરી હતી. જેમાં જણાવાયુ હતુ કે, આ બીઆરસી કર્મચારીઓ સાથે તોછડુ વર્તન કરે છે. અને જાહેર મિટીંગમાં અપમાનિત કરે છે. મનસ્વી પરીપત્રો કરી માનસિક ત્રાસ આપે છે. તેમજ અપમાનિત કરે છે. જાતિ વિષયક શબ્દો પણ બોલતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આવી ગંભીર ફરિયાદો થતાં જિલ્લા વિકાસ અભિકારીએ આ બીઆરસીને પક્ષ જાણવા તેમની બે વખત રુબરૂ સુનાવણી રાખવામાં આવી હતી. આ સુનાવણી બાદ સર્વ શિક્ષ અભિયાનના પ્રોજેકટ કો-ઓર્ડિનેટર અને જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીએ ગિરીશભાઈ લબાનાની સીઆરસી તરીકે પ્રતિનિયુકિત રદ્દ કરી તેમને ફરીથી જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિને હવાલે મુકતા હવે તેમને ફરીથી કોઈ પ્રા.શાળામાં શિક્ષક તરીકે મુકવામાં આવશે તેમ જાણવા મળ્યુ છે.

અત્રે ઉલેખનિય છે કે, આ શિક્ષક આ પહેલા પણ વિવાદોમાં આવી ચુકયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. દાહોદ બીઆરસીનો ચાર્જ જાલત પ્રા.શાળાના હેડ ટીચર કિરીટભાઈ પટેલને સુપરત કરવામાં આવ્યો છે. તેમજુ હુકમનો અમલ કરી તેની નોંધ સર્વિસ બુકમાં પણ કરવાની તાકિદ કરવામાં આવી છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૬ કોરોના કેસ નોંધાવા

દાહોદ,
દાહોદ જિલ્લામાં આજે વધુ ૧૬ કોરોના દર્દીઓના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણના આંકડાઓ દિવસે દિવસે ઉતાર ચઢાવ વચ્ચે વધી રહ્યા છે. આ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૪૧૭ને પાર કરી ચુક્યો છે.
આ.ટી.પી.સી.આર.ના ૩૩૨ પૈકી ૧૨ અને રેપીટ ટેસ્ટના ૭૭૦ પૈકી ૦૪ મળી આજે દાહોદ જિલ્લામાં ૧૬ કેસો સામે આવ્યા છે. આ ૧૬ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૪, દાહોદ ગ્રામ્યમાંથી ૦૧, ઝાલોદ અર્બનમાંથી ૦૪, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧, લીમખેડામાંથી ૦૨, ધાનપુરમાંથી ૦૨ અને ફતેપુરમાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૩ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૨૧ રહેવા પામી છે ત્યારે અત્યાર સુધી કોરોનાથી મૃતકોની સંખ્યા કુલ ૮૭ ને પાર થઈ ચુકી છે.

# સરદારના નામે રાજનીતિ કરનારાઓ પુણ્યતિથી એ જ સરદાર ને ભૂલ્યા

ઝાલોદ,
સરદાર પટેલની આજે પુણ્યતિથિ છે. અખંડ ભારતના શિલ્પી અને લોહપુરૂષ તરીકે ની આગવી છાપ ધરાવતા સરદાર પટેલ દેશ ના દરેક નાગરિકના દિલમાં સ્થાન ધરાવે છે. ત્યારે સરદારના નામે વર્ષો થી રાજનીતિ થતી આવી છે. રાષ્ટ્રીય કક્ષાથી લઈને સ્થાનિક કક્ષા સુધી ચાલતી આ રાજનીતિમાં સરદાર કોના એ લઈને અસંખ્ય વાર રાજનીતિ કરવામાં આવતી હોય છે. ત્યારે આજની પુણ્યતિથિ ના દિવસે જ ઝાલોદ ના હાર્દસમા વિસ્તાર એવા બસ સ્ટેશન પર આવેલી સરદાર પટેલની પ્રતિમા ને નજર અંદાજ કરવામાં આવી હતી.

જય સરદાર ના નારા લગવનારા સંગઠનો તેમજ રાજકીય પક્ષો એ પણ સરદાર ની પ્રતિમા ની ધરાર અવગણના કરી છે. ત્યારે આવનારી પેઢી ને સરદાર ની મહાનતા અંગેની જાણકારી અને ઓળખ મળે તે આશય તો નિરર્થક જ બન્યો છે. ત્યારે આજે પુણ્યતિથિએ કોઈ વિરલો આવે અને પોતાની પ્રતિમા ને સાફ તો કરે એવી સરદાર રાહ જોઈ રહ્યા છે.

# લીમખેડાના હાથીધરા ગામે મુસાફરો ભરી બેફિકરાઈથી છકડા હંકારતા ચાલકની અટકાયત કરાઈ

લીમખેડા,
લીમખેડા તાલુકાના મોટા હાથીધરા ગામે એક છકડાના ચાલકે પોતાના કબજાનો છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રાહદારીઓ અને વાહન ચાલકોના જીવને જોખમાં તેમ હંકારી લાવતાં પોલીસની નજરે પડતાં પોલીસ દ્વારા આ છકડાના ચાલકની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હિમતભાઈ મલાભાઈ ભુરીયા (રહે.નવાવડીયા, લુખાવાડા ફળિયા, તા.લીમખેડા, જિ.દાહોદ) નો ગત તા.૧૪મી ડિસેમ્બરના રોજ પોતાના કબજાનો છકડો લઈ મોટા હાથીધરા ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી જાહેરમાં રોડ ઉપર વાહન ચાલકોની તેમજ રાહદારીઓની જીંદગી જોખમાય તે રીકે ચલાવી લાવતાં પોલીસને નજરો પડતાં લીમખેડા પોલીસે તેની છકડા સાથે અટક કરી તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સીંગવડ તાલુકાના પહાડ ગામે ભારતીય ટ્રાઈબલ પાર્ટીની મીટીંગ યોજાઈ


સીંગવડ,
દાહોદ. જિલ્લાના સિંગવડ તાલુકામાં આવેલા પહાડ ગામે ભારતીય ટ્રાઈબલ પાર્ટીની મિટિંગ યોજાઈ હતી. જેમાં દાહોદ જિલ્લાના ઉપપ્રમુખ દેવેન્દ્રભાઈ મેડા તથા પાર્ટીના જિલ્લા તાલુકાના કાર્યકર્તા અને સિંગવડ તાલુકાના યુવા કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય ટ્રાઈબલ પાર્ટીની વિચારધારાથી પ્રભાવિત થઈને અને રાજસ્થાન ડુંગરપુર માં ભાજપ કોંગ્રેસના ગઠબંધનને લઈને નારાજ થયેલા ભાજપ કોંગ્રેસના જૂના કાર્યકર્તાઓ એ જાહેરમાં BTP નો ખેસ પહેરીને BTPમાં જોડાયા અને આવનાર સમયમાં ST-SC-OBC અને માઈનોરિટીને સાથે લઈને BTP ને મજબુત બનાવવા માટે નિર્ણય લીધો.

# દાહોદ પરેલ વિસ્તારના બંધ મકાનમાં તસ્કરો એ ૧ લાખની ચોરી કરી

દાહોદ,
દાહોદ શહેરના પરેલ વિસ્તારમાં આવેલ એક બંધ મકાનમાં તસ્કરોએ પોતાનો કસબ અજમાવી ૫૦ હજાર રૂપીયા રોકડા તથા ૫૦ હજારના સોના - ચાંદીના દાગીના મળી કુલ રૂા.૧ લાખની મત્તાનો હાથફેરો કરી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

દાહોદ પરેલ પાંચ રસ્તા વિસ્તાર ખાતે રહેતા સુરેન્દ્રભાઈ રામાસ્વામી ડોડીના બંધ મકાનમાં ગત તા.૧૩મી ડિસેમ્બરના રોજ કોઈપણ સમયે અજાણ્યા ચોર તસ્કરોએ પોતાનો કસબ અજમાવ્યો હતો અને મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદરથી એક પર્સમાં મુકી રાખેલ રોકડા રૂપીયા ૫૦ હજાર અને ૫૦ હજારની કિંમતના સોના - ચાંદીના દાગીના મળી કુલ રૂા.૧ લાખની મત્તાનો હાથફેરો કરી તસ્કરો નાસી જતાં આ સંબંધે સુરેન્દ્રભાઈ રામાસ્વામી ડોડી દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં માવઠા બાદ ઠંડીનું જોર વધ્યું: નલિયામાં લઘુતમ તાપમાન ૫ ડીગ્રી નોંધાયું



અમદાવાદ,
રાજ્યમાં માવઠા બાદ હવે ધીમે ધીમે ઠંડીનું જોર વધી રહ્યું છે. સાથે જ હવામાન વિભાગે આગાહી કરી છે કે સૌરાષ્ટ્રના રાજકોટ અને કચ્છના નલિયામાં કોલ્ડ વેવ રહેશે. આ દરમિયાન કચ્છમાં ઠંડા પવન ફૂંકાવાની શરૂઆત સાથે નલિયામાં હાડ થીજવતી ઠંડી પડી રહી છે. નલિયાનું લઘુતમ તાપમાન ઘટીને ૫ ડીગ્રી નોંધાયું છે. એટલે કે બે દિવસમાં નલિયાનું તાપમાન પાંચ ડીગ્રી સુધી ઘટી ગયું છે. જોકે, અન્ય શહેરોનું તાપમાન યથાવત નોંધાયું છે.

રાજ્યમાં અન્ય શહેરના લઘુતમ તાપમાન જોઈએ તો સામાન્ય તાપમાન કરતા ઊંચું નોંધાયું છે. અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન ૧૭.૧ ડીગ્રી, વડોદરાનું લઘુતમ તાપમાન ૧૭.૬ ડીગ્રી, સુરતનું લઘુતમ તાપમાન ૧૮.૮ ડીગ્રી, રાજકોટનું લઘુતમ તાપમાન ૧૩.૨ ડીગ્રી, ભુજનું લઘુતમ તાપમાન ૧૧.૯ ડીગ્રી, નલિયાનું લઘુતમ તાપમાન ૫ ડીગ્રી, ગાંધીનગરનું લઘુતમ તાપમાન ૧૬.૫ ડીગ્રી નોંધાયું છે.

નલિયામાં હાલ હાડ થીજવી દેતી ઠંડી પડી રહી છે. બીજી તરફ અન્ય શહેરોમાં બપોર થતા ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. જોકે, હવામાન વિભાગનું અનુમાન છે કે હવે ધીમે ધીમે ઠંડીનું પ્રમાણ વધશે. સામાન્ય રીતે ડિસેમ્બરની શરૂઆત સાથે જ ઠંડી શરૂ થઈ જતી હોય છે. પરંતુ આ વર્ષે વાવાઝોડા તેમજ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાઈક્લોનિક સર્ક્યુલેશનના કારણે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને કમોસમી વરસાદ થયો હતો. આ કારણે વિવિધ શહેરોમાં તાપમાન ઊંચું નોંધાયું હતું. જોકે, હવે પવનની દિશા બદલાતા ઠંડીનું જોર વધશે. રાજ્યમાં ડિસેમ્બર અંત સુધીમાં કાતિલ ઠંડીનો અનુભવ પણ થશે.

ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગ તરફથી ૧૦ અને ૧૨ ડિસેમ્બર સુધી રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી. જેના અનુસંધાને રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. જે તે સમયે હવામાન વિભાગ તરફથી આગાહી કરવામાં આવી હતી કે વરસાદ બાદ ગુજરાતમાં ઠંડીનો ચમકારો જોવા મળશે. જે અનુસંધાને હાલ ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં ઠંડીનું જોર વધશે.

# કરોડોની મિલકતો વસાવનાર વડોદરા વન સંરક્ષક કચેરીના નિવૃત મદદનીશ સંરક્ષકની ધરપકડ



વડોદરા,
૧.૧૨ કરોડ રૂપિયાની અપ્રમાણસર મિલકતના કેસમાં વડોદરાની વન સંરક્ષક કચેરીના નિવૃત્ત મદદનીશ સંરક્ષક કાસીમ ફાઝલભાઈ રેશમવાલાની વડોદરા એસીબીએ ધરપકડ કરી છે. તેઓએ પોતાની ફરજ દરમિયાન તેમની આવક કરતાં ૧.૧૨ કરોડની વધુ અપ્રમાણસર મિલકત હોવાનું બહાર આવતાં તેમની સામે ગુનો દાખલ કર્યો હતો અને આ મામલે કાર્યવાહી શરૂ કરી છે. તેઓની ૨.૧૪ કરોડની દેખીતી આવકની સામે ૩.૨૬ કરોડની સ્થાવર અને જંગમ મિલકતો મળી આવી હતી.

વડોદરા વન વિભાગમાં મદદનીશ સંરક્ષક તરીકે ફરજ બજાવી ચૂકેલા કાસીમ ફાઝલભાઈ રેશમવાલાએ અપ્રણાસર મિલકતો એકઠી કરી હોવાની વિગતો મળી હતી. જેના આધારે લાંચ રૂશ્વત વિરોધી વિભાગની ટીમ દ્વારા તેની પ્રાથમિક તપાસ દરમિયાન કાસીમ રેશમવાલાની તથા તેમના પરિવાજનોના નામે મિલકતોના દસ્તાવેજી પુરાવા અને બેંક ખાતાઓ સહિત વિવિધ અસ્કયામતોની તપાસ કરવામાં આવી હતી.

૧ એપ્રિલ ૨૦૦૭થી ૨૯ ફેબ્રુઆરી ૨૦૧૬ સુધીના સમયગાળામાં તેમની પાસેથી ૩૨,૨૫,૩૫૦ રોકડ રકમ તેમના વિવિધ બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવી હતી. તેવી જ રીતે ૮૩,૭૪,૪૮૧ની કિંમતની સ્થાવર અને જંગમ મિલકત ખરીદી કરવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય ખર્ચનો સરેરાશ જોતા તેઓએ રૂપિયા ૧,૧૦,૨૦,૭૭૨ બેંક ખાતાઓમાંથી ઉપાડ્યા હતા.

# ગોધરા સલામત સોસાયટીની પરણિતાને સાસરીયા અને પતિ એ દહેજની માંગણી કરી ત્રાસ આપતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા સલામત સોસાયટીની પરણિતાને લગ્ન થયાના પાંચ માસ થી લઈ આજદિન સુધી પતિ અને સાસુ-સસરા દ્વારા દહેજમાં તારા-બાપના ઘરેથી કઈ લાવી નથી. બે લાખ લઈ આવ તેમ કહીને શારીરિક-માનસીક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકતાં આ બાબતે ગોધરા મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર સલામત સોસાયટીની પરણિતા સલીમા હુઝેફા સુલેમાન કાલુના લગ્ન થયાના પાંચ માસથી આજદિન સુધી પતિ હુઝેફા કાલુ, સસરા સુલેમાન અબ્દુલ સત્તાર કાલુ, સુલેમાન કાલુ દ્વારા સલીમાને અવારનવાર તું તારા બાપના ઘરેથી દહેજ કઈ લાવી નથી. તો ૨,૦૦,૦૦૦/- રૂપીયા તારા બાપના ઘરેથી લઈ આવ તેમ કહી મેણાં ટોણા મારી શારીરિક માનસીક ત્રાસ આપી દહેજની માંગણી કરતા હોય આવા ત્રાસથી કંટાળી જઈ પરણિતાએ ગોધરા મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# મોટી કાંટડીના પ્રિયંકાબેન બારિયા ગુમ થયા ભાળ મળ્યે કાંકણપુર પોલિસ સ્ટેશને જાણ કરવી

ગોધરા,
પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના મોટી કાંટડી ગામના મોટા ફળિયાના ૨૦ વર્ષીય પ્રિયંકાબેન બારિયા તા. ૧૫/૦૭/૨૦૨૦ના રોજ ૦૫.૦૦ વાગ્યે કોઈને કંઈ પણ કહ્યા વગર પોતાની ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. જેઓની તપાસ કરતા તેઓ આજદિન સુધી મળી આવ્યા નથી. તેઓ શરીરે મધ્યમ પાતળા બાંધાના, રંગે ઘઉંવર્ણા છે અને ૪.૫ ફૂટની જેટલી ઉંચાઈ ધરાવે છે. શરીરે સફેદ કલરનો ડ્રેસ તથા ભૂરા કલરનો પાયજામો પહેરેલ છે. તેઓ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે. તેમની ભાળ મળ્યે કાંકણપુર પોલિસ સ્ટેશનનો સંપર્ક નંબર ૦૨૬૭૨ ૨૪૨૧૬૬ ઉપર જાણ કરવા વિનંતિ છે.

# ગરબાડાના મંદિર પાસે ઠલવાતા કચરાને લઈ કોટ બનાવવાની કામગીરી શરૂ કરાઈ

ગરબાડા,
ગરબાડાના અતિ પૌરાણિક અને નયનરમ્ય એવા રામનાથ મહાદેવ મંદિરની પાસે ગ્રામ પંચાયત દ્વારા વર્ષોથી રોજના બે થી ત્રણ ટ્રેકટર ગામનો કચરો ઠાલવવામાં આવી રહ્યો છે. હાલમાં કચરાનુ સ્તર એટલુ બધુ વધી ગયુ છે કે રસ્તા ઉપર આવી રહ્યો છે.

આ બાબત અંગેના અહેવાલો પ્રસિદ્ધ થતાં ગરબાડા ગ્રામ પંચાયત એકશનમાં આવ્યુ છે. અને તાત્કાલિક અસરથી મંદિરની જગ્યા પાસે જયાં કચરા ડેપો છે ત્યાં કોટ બનાવવાની કામગીરી ચાલુ કરવામાં આવી હતી. જેમાં ત્રણ ફુટ ઉંડો પથ્થર પાયો અને છ ફુટની દિવાલ વચ્ચે દર દસ ફુટ એક કોલમ અને ગેટ રૂપિયા પાંચ લાખના ખર્ચે ૧૪માં નાણાંપંચમાં કામગીરી ચાલુ કરવામાં આવી હતી. જો કે કામગીરી ચાલુ કરી તે સારી બાબત છે પરંતુ હાલમાં આ જગ્યા ઉપર પાયાની કામગીરી થઈ રહી છે તો પાયો બનાવી તેમાં પુરણ કરી દેવામાં આવે તેમજ ગામનો કચરો અન્ય કોઈ જગ્યાએ ઠાલવવામાં આવે તો કાયમ માટે મંદિરો પાસેથી ઉકરડાનુ આ દુષણ દુર થાય તેમ છે.

જે જગ્યા ઉપર ગરબાડા ગામનો કચરો નંખાય છે ત્યાં બાજુ મંદિરો આવેલા છે તેમજ આ કચરા ડેપો પાસેથી પસાર થઈને જ ખારવા અને નવાગામ એમ બે ગામો પણ આવેલા છે. અને અનેક લોકોના ખેતરો પણ અહિં આવેલા છે. ઉકરડાના કારણે અસહ્ય દુર્ગંધ આવે છે જેથી રસ્તા પરથી અવર જવર કરવી મુશ્કેલી બની ગયુ છે.

# લીમખેડાના માનલી ગામે રહેણાંક વિસ્તારના કુવામાં દિપડો ખાબકયો : વન વિભાગે રેસ્કયુ કરી બહાર કાઢ્યો

લીમખેડા,
લીમખેડા તાલુકાના માન્લી ગામે રહેણાંક વિસ્તારમાં અંધારામાં દિપડો કુવામાં ખાબક્યો હતો. સવારમાં પાણી માટે ગયેલી મહિલાએ દિપડાની ત્રાડ સાંભળી ફફડી ઉઠી હતી.

લીમખેડા તાલુકાના માન્લી ગામે આવેલા ઉચવાસ ફળિયામાં રહેણાંક વિસ્તારમાં વન્ય પ્રાણી દિપડો ખોરાકની શોધમાં આવી પહોંચ્યો હતો. અંધારામાં દિપડો કુવામાં ખાબકયો હતો. સવારમાં ફળિયાની કેટલીક મહિલાઓ કુવાને કાંઠે પાણી ભરવા માટે ગઈ હતી. કુવામાં દિપડાની ત્રાડ સાંભળી ભયથી ફફડી ઉઠી હતી. આ બનાવની જાણ વન વિભાગને કરતા વન અધિકારીઓનો કાફલો માન્લી ગામના ઉચવાસ ફળિયામાં આવી પહોંચી રેસ્કયુ કરી દિપડાને બહાર કાઢવાની તજવીજ હાથ ધરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 97

## છેલ્લા અઠવાડિયામાં દિપડાના આતંકથી લોકો ભયમાં

# ઘોઘંબાના કાંટાવેડા અને ગોયા સુંડલમાં બે નિર્દોષને ભોગ બનાવતા પરિવારજનો હજી પણ શોકમાં





ગોધરા,

પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના જંગલને અડીને આવેલા આંતરીયાળ વિસ્તારોમાં દિપડાના હુમલાના બનાવો વધી રહ્યા છે. છેલ્લા એક સપ્તાહમાં ઘોઘંબા તાલુકાના કાંટાવેડા અને ગોયાસુંડલ ગામમાં દિપડા એ બે બાળકો ઉપર દિપડાએ હુમલો કરીને મોતને ઘાટ ઉતારયા હતા. આવા માનવભક્ષી દિપડાને ઝબ્બે કરવા માટે ફોરેસ્ટ વિભાગે અઠવાડિયાથી પાંજરા ગોઠવવા છતાં શિકારમાં ફસાતા નથી. તો બીજી તરફ માતા-પિતા પોતાના વ્હાલસોયા સંતાનો ગુમાયાની દુઃખની લાગણી અનુભવીને વન વિભાગની નિષ્ક્રિયતા સામે અનેક સવાલો પૂછી રહ્યા છે. હજુ સુધી માનવભક્ષી દિપડાના હુમલાથી મોત નિપજવા પાછળ મળવા પાત્ર વળતર પણ ચુકવવામાં વન વિભાગ નિષ્ફળ પુરવાર થઈ રહ્યું છે.

પંચમહાલ જીલ્લામાં ઘોઘંબા તાલુકાના જંગલને અડીને આવેલ અંતરીયાળ ગામોમાં દિપડાના હુમલાના બનાવો વધી રહ્યા છે. જંગલ વિસ્તારોમાં માનવોની દખલગીરી વધી છે. જંગલોમા ખોરાક અને પાણીની અછત જોવા મળતા દિપડાઓ માનવ વસાહતો નજકી આવી રહ્યા છે. તેમાં હિંસક દિપડાઓ માનવ ઉપર હુમલો કરતા હોવાના અનેક બનાવો અવારનવાર સાંભળવા મળી રહ્યા છે. છેલ્લા એક અઠવાડિયા થી ઘોઘંબા તાલુકામાં જંગલને અડીને આવેલ આંતરીયાળ ગામો દિપડાના હુમલાના બે કિસ્સાઓ બનવા પામ્યા છે. ગત તા. ૫ ડિસેમ્બરના રોજ ઘોઘંબાના પાલ્લા ગામના કુપેચીયા ગામના ૮ વર્ષીય પુત્ર જનક રાઠવા ઉપર અચાનક હિંસક દિપડા એ હુમલો કરીને ઈજા પહોંચાડી હતી.

ઘોઘંબા તાલુકાના કાંટાવેડા ગામે રહેતા વેચાતભાઈ નાયકનો ૮ વર્ષીય પુત્ર મેહુલ પોતાના ઘરેથી બકરા ચરાવવા માટે જંગલ નજીક જતાં દિપડા એ હુમલો કરીને મોત નિપજાવ્યું હતું. ઘરેથી બકરા ચરાવવા માટે ગયેલ બાળક ઉપર દિપડાના હિંસક હુમલામાં મોત નિપજાવવાની ઘટનાની જાણ થતાં ગ્રામજનો જંગલ તરફ દોડી જઈ રાજગઢ ફોરેસ્ટ વિભાગને જાણ કરાતા ટીમ ઘટના સ્થળે દોડી આવીને હિંસક દિપડાને પાંજરે પુરવાની કવાયત હાથ ધરી હતી. આવા ઘોઘંબા તાલુકામાં અઠવાડિયામાં માનવભક્ષી દિપડાએ એક સાથે બે માસૂમ બાળકોને મોતને ઘાટ ઉતારયા હતા. તો પરિવારજનો આવા નિર્દોષ પોતાના વ્હાલસોયા સંતાનોનું મારણ થતાં દુઃખના દહાડા પસાર કરી રહ્યા છે. આ ગામોમાં વનવિભાગ દ્વારા પાંજરા ગોઠવીને આવા માનવભક્ષી દિપડાને ઝબ્બે કરવા માટે વન વિભાગ આકાશ પાતાળ એક કરી રહ્યું છે. રાત વિઝન કેમેરા ગોઠવીને દિપડાના પગરવ માપવા માટેના આધુનિક સાધનોનો ઉપયોગ કરીને આ દિપડાને પાંજરે કેદ કરવા માટે ગોઠવણ થઈ છે. આ ગામોમાં ૪૦ ઉપરાંત વન વિભાગની ટીમો દિવસ રાત જંગલો ખૂંદી વળવા છતાં આજદિન સુધી આ લોહી ચાખનાર દિપડો પકડાયો નથી. તો બીજી તરફ પોતાના વ્હાલ સોયા સંતાનો મોતને ભેટયા બાદ પણ આ માનવભક્ષી દિપડો નહીં મળતા મનોમન નારાજગી અનુભવી રહ્યા છે.

### વન વિભાગને હાથતાળી આપીને દિપડો પલાયન છૂ.....

દિપડાના હુમલાના બનાવો માત્ર પંચમહાલ જીલ્લાના ઘોઘંબા પુરતા સીમીત નથી. દિપડાની માનવ વસ્તીમાં રજાકની ઘટનાઓ એક અઠવાડિયામાં ઘોઘંબા તાલુકા બે ગામોમાં હિંસક હુમલો કર્યો હતો. જેમાં ગોયાસુંડલ ગામમાં પાંજરે પુરાવા માટે બકરાનું ગોઠવણ કરી હતી. પરંતુ ચાલક દિપડો કે વન વિભાગની બેદરકારીથી દિપડાએ બકરાનું મારણ કરીને નાશી છુટયો હતો. અને વનકર્મીઓ નિષ્ફળ સાબિત થઈને હાથ ઘસતા થઈ ગયા હતા.

- ઘોઘંબામાં દિવસે બેફામ રીતે ફરતો માનવભક્ષી દિપડો.
- વનકર્મીઓની સુરક્ષામાં ચૂક : આડેધડ દિપડાનો આતંક.
- અવારનવાર દિપડા એ માનવભક્ષ કરવા સાથે પશુઓનો મારણ.
- દિપડાના આતંક હોવા છતાં વનકર્મીઓ માનવભક્ષી દિપડાઓને ઝબ્બે કરવામાં નિષ્ફળ.
- છેલ્લા એક અઠવાડિયામાં બે નિર્દોષ બાળકો ઉપર હુમલો કરવાના બનાવો.
- માનવભક્ષી હુમલો ગામમાં ન પ્રવેશે તે માટે લોકોનું જાગરણ.
- ભોગ બનનાર પરિવારજનોની દીપડાને વન વિભાગ પાંજરે પુરે તેવી માંગ.
- છેલ્લા અઠવાડિયાથી વનકર્મીઓ દ્વારા ખૂંખાર દિપડાને શોધવાની કવાયત.

### ગ્રામજનોનો નજરમાં દીપડાની અવર-જવર : કેમેરાની નજરમાં ગાયબ

ઘોઘંબા તાલુકાના વન્ય વિસ્તારોમાંથી ગામમાં ખોરાકની શોધમાં ઘુસી આવે છે. છેલ્લા એક અઠવાડીયામાં બે ગામમાં બે બાળકોને રામશરણ પહોંચાડ્યા હતા. આ આદમખોર દીપડાને ઝબ્બે કરવા માટે પાંજળા ગોઠવવા સાથે વન વિભાગે નાઈટ વિઝન કેમેરા ગોઠવવામાં આવવા છતાં હિંસક દીપડાના કોઈ એંધાણ દેખાતા નથી. પરંતુ ગ્રામજનોની નજરમાં આ માનવભક્ષી દીપડો આંટાફેરા કરી રહ્યો હોવાનું દેખા દે છે. તો વન કર્મીઓ આંખે પાટા બાંધ્યા હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો.

# ૨૨ વર્ષથી ચાલતી ગોધરા-અડાદરા નાઈટ બસ બંધ કરાતા મુસાફરો પરેશાન

ગોધરા,

ગોધરા એસ.ટી. ડેપો ખાતેથી ગોધરા-અડાદરા ગામ સુધીની નાઈટ એસ.ટી.બસની સેવા જે છેલ્લા ૨૨ વર્ષથી નિયમિત ચાલી રહી હતી. આ નાઈટ બસ કોઈપણ કારણ વગર બંધ કરી દેવામાં આવી હોય ત્યારે ગોધરા-અડાદરા નાઈટ બસ પૂનઃ શરૂ કરવામાં આવે તેવી માંગ સાથે કાલોલ ધારાસભ્ય દ્વારા ગોધરા એસ.ટી. ડેપો મેનેજરને લેખિત રજુઆત કરી છે.



ગોધરા એસ.ટી. ડેપો થી છેલ્લા ૨૨ વર્ષથી ગોધરા-અડાદરા ગામની નાઈટ બસની સુવિધા ચાલી રહી હતી. ગોધરા થી અડાદરાની નાઈટ એસ.ટી.બસ નોકરીયાત વર્ગ તેમજ છુટક કામ કરતાં ધંધા અર્થે ગોધરા તેમજ વેજલપુર તેમન આસપાસ જતા લોકોને આ બસની સુવિધા પ્રાપ્ત થતી હતી. તેમજ વહેલી સવારે ઉપડતી બસ ગ્રામજનો માટે ઉપયોગી હતી. તેવી ગોધરા-અડાદરા નાઈટ બસને ગોધરા ડેપો દ્વારા બંધ કરવામાં આવી છે. નાઈટની બસ બંધ થતાં મોડી સાંજે નોકરી-ધંધા ઉપર થી છુટતા લોકો માટે મુશ્કેલીઓ સર્જવા પામી છે. ગોધરા-અડાદરા નાઈટ બસની સેવા પૂનઃ શરૂ કરવામાં આવે તે માટે ગામના સરપંચ તેમજ ગ્રામજનો દ્વારા ગોધરા એસ.ટી.ડેપો મેનેજરને અવારનવાર લેખિત અને મૌખિક રજુઆત કરવામાં આવી હોય છતાં ગોધરા-અડાદરા નાઈટ બસની સુવિધા શરૂ કરવામાં આવી ન હોય આ બાબતે ગ્રામજનો દ્વારા કાલોલ ધારાસભ્ય સુમનબેન પી.ચૌહાણને રજુઆત કરવામાં આવી હતી. ત્યારે ધારાસભ્ય દ્વારા ગોધરા એસ.ટી. ડેપો મેનેજરને ગોધરા-અડાદરા નાઈટ બસ સેવા ચાલુ રાખવામાં આવે તેવી લેખિતમાં રજુઆત કરી છે. ત્યારે હવે જોવાનું રહે કે ગોધરા ડેપો મેનેજર દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી કાયમી રીતે ચાલતી નાઈટ બસની સુવિધા પાછી શરૂ કરીને ગ્રામજનોની માંગને સાંભળશે ખરા ?

# કામ અપાવવાના બહાને મહિલાઓના રૂપિયા પડાવનારને પાઠ ભણાવતી અભયમ મહિલા હેલ્પલાઈન

ગોધરા,

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકા પાસેના ગામમાંથી એક મહિલાનો અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ આવ્યો હતો કે એક વ્યક્તિએ લોકડાઉન દરમિયાન મહિલાઓને રોજગારી આપવાનું કહી મહિલાઓ પાસેથી રૂપિયા એકત્રિત કર્યા હતા. જો કે પછી રોજગારી ના આપતાં મહિલાઓએ ૧૮૧ મહિલા હેલ્પલાઈન ગોધરાનો સંપર્ક કર્યો હતો. છેતરપીંડીનો મામલો લાગતા અભયમ ટીમે આ વ્યક્તિને પોલીસને હવાલે કર્યો હતો. લોકડાઉન દરમિયાન તકનો લાભ લઈ મહિલાઓને કામ આપી રોજગારી મળશે તેવી લાલચ આપીને એક વ્યક્તિએ મહિલા દીઠ ૬૦૦/-રૂપિયા ઉઘરાવ્યાં હતા. આ રીતે આજુબાજુના ૪-૫ ગામમાંથી રૂપિયા ઉઘરાવી કામ આપતા ના હતા. મહિલાઓએ વારંવાર કામ મળી રહે તે માટે રજુઆત કરી હતી પરંતુ થોડો સમય લાગશે તેમ જણાવી બહાના બતાવી કામ આપતા ના હતા. ગઈ કાલે મહિલાએ આ બાબતે કોલ કરી કામ આપવા જણાવતા તે વ્યક્તિએ જણાવ્યું હતું કે હમણા કામ મળી શકે તેમ નથી માટે તમારા રૂપિયા કેનાલ પાસે આવી લઈ લેજો. જેથી ગામના એક મહિલા કેનાલ પાસે પહોંચતા તે વ્યક્તિએ બોલાચાલી કરી મહિલા સાથે ખેંચતાણ કરતા તેઓએ સમયસુચકતા વાપરી ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં મદદ માટે કોલ કર્યો હતો. ગોધરા અભયમ રેસ્ક્યુ ટીમ સ્થળ પર તાત્કાલિક પહોંચી વ્યક્તિ સાથે પૂછપરછ કરતા પ્રાથમિક રીતે છેતરપિંડીનો મામલો જણાયો હતો. સ્થિતિની ગંભીરતા સમજી કાલોલ પોલીસ સ્ટેશનમાં રજુ કરવામાં આવ્યો હતો અને પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

# પંચમહાલમાં આજે ૨૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૫૧૭

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૪ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૫૧૭ થવા પામ્યો છે. તેમાં ગોધરા-૧૫, હાલોલ-૦૩, કાલોલ-૦૪, ઘોઘંબા-૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે.

- ૩૭ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૫૪.
- મૃત્યુ આંક - ૧૨૬.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

# કાલોલના ડેરોલ સ્ટેશનથી પીંગળી રોડ ઉપર કુવેચ નદી પર આવેલ નાળુ નીચુ અને તકલાદી બનાવતા કોન્ટ્રાકટર વિરૂદ્ધ રજુઆત

કાલોલ,

કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશનથી પીંગળી રોડ પરના કુવેચ નદી પરના બનાવેલુ નાળુ નીચુ હોવાને કારણે ચોમાસામાં પડતી તકલીફોને કારણે અનેક રજુઆતો બાદ પણ કોઝ-વેની જગ્યાએ તકલાદી નીચુ નાળુ બનાવી દેતા કોન્ટ્રાકટર વિરુદ્ધ રજુઆતો કરવામાં આવી હતી.

ફેબુઆરીમાં જિલ્લા કલેકટર સંલગ્ન માર્ગ અને મકાન વિભાગ ગાંધીનગર સુધી ગામના રહિશે કરેલી લેખિત રજુઆતમાં ડેરોલ સ્ટેશનથી પીંગળી ગામ સુધીના ભાર કિમીના રોડ પર આવેલ કુવેચ નદી પરનુ જર્જરિત બની ગયેલુ હોવાનુ, તદ્ઉપરાંત આ નાળુ નદી પટમાં નીચાણવાળુ હોવાથી ચોમાસામાં નદીમાં પુર આવે એ સમયે નાળા પરથી પસાર થતાં સમયે નદીના પાણીમાં તણાઈ જવાની ઘટના બનવા ઉપરાંત ચોમાસામાં આ માર્ગ પરના પીંગળી સહિત અનેક ગામના લોકો, વૃદ્ધો, અને મહિલાઓને સારવાર કે પ્રસૃતિ જેવી ઈમરજન્સી સેવાઓ માટે પણ ભારે તકલીફ પડી રહેલી હોવા અંગેની અસરકારક રજુઆતો કરી આ નદી પટ પર નીચા નાળાને સ્થાને ઈજનેરી રીતે બોકસ કલવર્ટની કામગીરી ધરાવતા કોઝ-વે બનાવવાની રજુઆત કરવામાં આવી હતી. પરંતુ પાછલા મહિને માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ નાળાની કામગીરી હાથ ધરવામાં આવતા તંત્ર દ્વારા કોઝ-વેને સ્થાને તકલાદી કામગીરીનુ નાળુ બનાવી આ માર્ગ પરના અકસ્માત ગામોની સમસ્યા ઠેરની ઠેર જોવા મળી રહી છે.

આ નાળાની કામગીરીના રેતી કાંકરા પણ ઉખડી જતાં સરકારી નાણાંનો દુરૂપયોગ થયો હોવાનુ જોવા મળે છે. જેઅંગે ૧૪/૧૨/૨૦ના રોજ પુનઃ પંચમહાલ જિલ્લા કલેકટર તેમજ માર્ગ અને મકાન વિભાગને પુનઃ લેખિત અરજી કરી આ કામગીરી બાબતે જવાબદાર તંત્ર અને જવાબદાર કોન્ટ્રાકટર સામે તાકિદે પગલા ભરવા માંગ કરવામાં આવી છે.

# હાલોલના ગડીત ગામે જમીન બાબતે થયેલ તકરારમાં એક વ્યકિતનું મોત થતાં આરોપી સામે હત્યાનો ગુનો નોંધાયો

હાલોલ,

હાલોલ તાલુકાના ગડિત ગામે દસ દિવસ પુર્વે જમીનની માલિકી બાબતે પિતરાઈ ભાઈઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ચાર શખ્સોએ ભેગા થઈ બે વ્યકિતને માર મારી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્તને ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્તનુ મૃત્યુ થતાં હત્યાની કલમનો ઉમેરો કરવામાં આવ્યો હતો.

દસ દિવસ પુર્વે હાલોલ તાલુકાના ગડિત ગામમાં રહેતા ગોપાલભાઈ પ્રભાતભાઈ પરમાર(ઉ.વ.૫૦)તેમના ઘરેથી તેમના ભાણા વિનોદભાઈ ચાવડાની સાથે તેમના વડવાળા ખેતરમાં શેઢા સાફ સફાઈ કરવાના હતા તે જોવા માટે ગયા હતા. તેમના કાકાનો દિકરો અર્જુનસિંહ છત્રસિંહ પરમાર તેમનો પુત્ર મિતેશભાઈ અર્જુનસિંહ પરમાર તથા ગુલાબભાઈ વિક્રમસિંહ છત્રસિંહ પરમાર ત્યાં આવ્યા હતા. અર્જુનસિંહે મારા ખેતરમાં કેમ આવ્યા છો તેવુ પુછતા ગોપાલભાઈએ જણાવ્યુ કે, આ મારૂ ખેતર છે તેમાં સાફ સફાઈ કરવા જેવુ છે કે નહિ તેની તપાસ કરવા સારૂ આવ્યો છુ. તેથી અર્જુનસિંહે ગાળો બોલી તેના હાથમાંના ધારિયાના દસ્તાના ભાગેથી ગોપાલભાઈને પેટ, કમર, અને આંખની પાસે ઈજાઓ કરી હતી. તેમજ મિતેશભાઈને તેમને લાકડીઓ મારતા મુઠ માર વાગેલો હતો. ગોપાલભાઈની સાથે ગયેલા તેમનો ભાણિયો વિનોદ તેમને છોડાવવા વચ્ચે પડતા અર્જુનસિંહે વિનોદને બચકુ ભરી લીધુ હતુ. ગુલાબભાઈ તેમજ વિક્રમસિંહે તેમનો ગાળો બોલી માર મારતા તેઓ ફસડાઈ પડયા હતા. ચારે આરોપીઓ માર મારીને નાસી છુટ્યા હતા. જયારે ગોપાલભાઈનો છોકરો ૧૦૮ મારફતે બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હાલોલની રેફરલ હોસ્પિટલમાં લઈ ગયો હતો. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ હાલોલની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

ઘટના અંગેની જાણ હાલોલ રૂરલ પોલીસને કરી ગોપાલભાઈ દ્વારા અર્જુનસિંહ છત્રસિંહ પરમાર, મિતેશભાઈ અર્જુનસિંહ પરમાર, ગુલાબભાઈ જશવંતસિંહ પરમાર, વિક્રમસિંહ છત્રસિંહ પરમાર વિરુદ્ધ માર મારવાની ફરિયાદ નોંધાવી હતી. નવી દિવસથી હોસ્પિટલમાં દાખલ ફરિયાદી ગોપાલભાઈનુ અંતે તા.૧૪/૧૨/૨૦ના રોજ મોત થતાં હત્યાનો ગુનો ઉમેરી ફરાર વિક્રમસિંહને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા.

## ગોધરા તાલુકાના આંગળીયા ગામનો ૨૦ વર્ષીય યુવક ઝેરી દવા પી જતાં સારવાર દરમ્યાન મોત

ગોધરા,

ગોધરા તાલુકાના આંગળીયા ગામે રહેતા ૨૦ વર્ષીય યુવકે કોઈ અગમ્યકારણોસર ખેતરમાં ઘાસમાં નાખવાની દવા પી ગયેલ હતો. સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું હતું. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના આંગળીયા ગામે રહેતા સંનતકુમાર દલપતસિંહ પટેલ ઉ.વ.૨ એ ૧૨ ડિસેમ્બરના રોજ સંગોડીયા ફળીયા પાસે આવેલ ખેતરમાં કોઈ અગમ્ય કારણોસર ઘાસમાં નાખવાની દવા પી ગયેલ હતો. ઝેરી દવાની અસર શરીરમાં થતાં યુવકને પ્રથમ સિવિલ હોસ્પિટલ ગોધરા ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન યુવકનું મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ઘોઘંબાના ગજાપુરા ગામે અગમ્યકારણોસર કુવામાં પડેલ દંપતિ પૈકી પત્નીનો મૃતદેહ મળી આવ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ગજાપુરા ગામ રહેતા પતિ-પત્ની કોઈ કારણોસર કુવામાં પડી જતાં ૩૨ વર્ષીય મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. જયારે પતિની શોધખોળ કરતાં મળી આવ્યો ન હતો. આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ગજાપુરા ગામે રહેતા સવિતાબેન છત્રસિંહ બારીયાનો પુત્ર જીગ્નેશભાઈ છત્રસિંહ બારીયા અને તેમની પત્ની કૈલાસબેન બારીયા ઉ.વ.૩૨ એ કોઈ અગમ્ય કારણોસર ગામમાં રહેતા રયજીભાઈ બારીયાના કુવામાં પડી ગયેલ હોય ગ્રામજનો દ્વારા કુવામાં તપાસ કરતાં કૈલાસબેનનો મૃતદેહ મળી આવ્યો હતો. જયારે કુવામાં શોધખોળ દરમ્યાન જીગ્નેશભાઈ મળી આવેલ ન હતા. આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# પંચમહાલ જિલ્લામાં મોબાઈલ ટુ સ્પોર્ટસ ગાયન સ્પર્ધાનું આયોજન

ગોધરા,

મુખ્યમંત્રીની પ્રેરણાથી વર્તમાન મોબાઈલ ટેકનોલોજીનો યુવાઓના સર્વાંગી વિકાસ હેતુ વપરાશને પ્રોત્સાહન આપવાના અભિગમથી મોબાઈલ ટુ સ્પોર્ટસના અભિયાનની નવતર પહેલ કરવામાં આવી છે. કોવિડ-૧૯ની મહામારીના વિષમ સંજોગોમાં યુવાધનને હકારાત્મક રીતે ક્રિયાશીલ કરવા તેમજ રમતગમતની પ્રવૃત્તિઓ તરફ આકર્ષિત કરવાની તાતી જરૂરિયાતને ધ્યાને લઈ તેમજ યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકાર દ્વારા વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન મોબાઈલ ટુ સ્પોર્ટસ ની નવી યોજના મંજૂર કરવામાં આવી છે. જે અંતર્ગત રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી-પંચમહાલ દ્વારા સંયુક્ત રીતે ગાયન (સુગમ સંગીત, લગ્નગીત, શાસ્ત્રીય સંગીત, કંઠય સંગીત (હિન્દુસ્તાન), લોકગીત/ભજન સ્પર્ધા) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જુદા જુદા વયજૂથ- ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીના, ૧૫ થી ૨૦ વર્ષ સુધીના, ૨૧થી ૫૯ વર્ષ સુધીના તેમજ ૬૦ વર્ષથી ઉપરના ઓપન વયજૂથમાં ભાગ લઈ શકશે. આ સ્પર્ધાની ૫ થી ૭ મિનિટનો વિડીયો ક્લિપ તૈયાર કરી તા.૧૮/૧૨/૨૦૨૦ બપોરે ૧૨:૦૦ કલાક સુધી કચેરી સમય દરમિયાન મોબાઈલ વોટ્સએપ ઉપર મોબાઈલ નંબર ૬૩૫૩૯૩૫૬૫૭ (પ્રાંત યુવા વિકાસ અધિકારી રાજેશ પારગી) અથવા ૯૬૩૮૧૭૩૮૭૩ (કોમ્પ્યુટર ઓપરેટર રાજેશ બારિયા)ને મોકલી આપવાનો રહેશે. વધુ માહિતી માટે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન ભાગ-૦૨, રૂમ નંબર-૩૫, પ્રથમ માળ, પંચમહાલનો સંપર્ક કરવા જણાવાયું છે. સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ આઈડી, સ્કૂલનું નામ અને સરનામું વગેરે બાબતોનો વિડીયો ક્લીપમાં ઉલ્લેખ કરવાનો રહેશે. વિડીયો ક્લિપની સાથે ઉંમરના પુરાવા સાથે આધારકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ તેમજ બેંક, પાસબુકની પ્રથમ પાનાની ઝેરોક્ષનો સમાવેશ કરવાનો રહેશે. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ.૧૦૦૦/-, દ્વિતીય વિજેતાને રૂ. ૭૫૦/- તેમજ તૃતીય વિજેતાને રૂ. ૫૦૦/- ઈનામ આપવામાં આવશે. આ અંગેની વધુ માહિતી મોબાઈલ ટુ સ્પોર્ટસ યોજના અંતર્ગત ફેસબુક પેજ https://www.facebook.com/mobile2sports તેમજ યુ ટ્યુબ ચેનલની લીંક http://www.youtube.com/channel/UCzsjROvtHpN4rKensUaz-g પરથી મળી શકશે તેમ પંચમહાલ જિલ્લા યુવા વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

રાજ્યકક્ષાની સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫,૦૦૦/- દ્વિતીય વિજેતાને રૂ.૧૫,૦૦૦/- તથા તૃતીય વિજેતાને રૂ.૧૦,૦૦૦/- એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને (પ્રત્યેકને) રૂ. ૫૦૦૦/- મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે.